પરીપત્ર

ભારત સરકારનાં મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કાયદો,૧૯૯૬ તથા તે અન્વયે ગુજરાત રાજ્ય સરકારે જાહેર કરેલ ગુજરાત બિલ્ડીંગ અને અન્ય બાંધકામ શ્રમયોગી નિયમો,૨૦૦૩ અન્વયે બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલ શ્રમિકોનાં કલ્યાણ માટે સેસની રકમ વસુલ લેવાની થાય છે. જે સંબંધે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવી.

(૧) તા.૧૮–૧૨–૨૦૦૪ તથા ત્યારબાદ ઈસ્યુ થયેલ બાંધકામની વિકાસ પરવાનગીઓ માટે વસવાટની પરવાનગી આપતા પહેલા સેસની રકમ વસુલ લેવાનીં રહેશે.

(૨) આવા સેસની રકમ મંજુર થયેલ સુચિત એફ.એસ.આઈ વિસ્તારનાં રૂા.૩૦/– પ્રતિ ચો.મી નાં દરે વસુલવાની રહેશે.

(૩) મંજુર કરવામાં આવેલ વિકાસ પરવાનગીઓ પૈકી ૩૩૩ ચો.મી સુધીનાં એફ.એસ.આઈ વિસ્તારનાં ફક્ત રહેઠાણનાં સુચિત બાંધકામોવાળા કિસ્સાઓ માટે ઉકત સેસની રકમ વસુલ લેવાની રહેશે નહી.

(૪) ડે.કમિશ્નરશ્રી (જનરલ) એ સદરહુ સેસની રકમ મહાનગરપાલિકામાં જમા લેવા માટે તાકીદે એકા કોડ ઉભો કરવા માટેની કાર્યવાહી કરવી તથા સદરહુ રકમ સરકારી તીજોરી/બેન્કમાં જમા કરાવવાની વ્યવસ્થા કરવી.

ઉકત વ્યવસ્થા થાય ત્યાં સુધી જે તે સંબંધિત ડીપોઝીટ હેડમાં " કન્સ્ટ્રકશન સેસ" તરીકે ઉકત રકમ જમા કરવી.

ઉપરોકત સુચનાઓનો તાત્કાલીક અસરથી અમલ કરવો.

નં.ટી.ડી.ઓ/ ૮૫૪
તા. ૭ /૦૬/૨૦૦૬

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના :– (૧) તમામ ઝોનનાં વિભાગીય વડાશ્રીઓ પ્રતિ..... જાણ માટે.
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી પ્રતિ.. જાણ માટે.
(૩) ડે.કમિશ્નરશ્રી (જનરલ) પ્રતિ.. જાણ માટે.

નકલ રવાના :– (૧) શહેર વિકાસ અધિકારીશ્રી.. પ્રતિ.
.. જાણ તથા તાત્કાલિક અમલ માટે.

(૨) તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીઓ /તમામ ઝોનલ અધિકારીશ્રીઓ પ્રતિ.... જાણ તથા તાત્કાલીક અમલ માટે.